	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૮/૦૩/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૫૭/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૨	૦	૧૩૨	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૫	૦	૧૦૦૬૮૫	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧	3,૧3,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩	૧૩,૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૯ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૬૦/૨૦૨૨**

વસ્ત્રાપુરઃ પ્રિયંકા ડો/ઓ ગંગાધર ચીખલે (ઉ.વ.૩૦)(રહે.ચંદ્રદર્શન એપાર્ટમેન્ટ ઉદગમ સ્કુલની બાજુમાં જયઅંબેનગર થલતેજ) એ તા.૨૭/૦૩/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રિયંકાબહેન ચીખલેનુ એક્સીસ બેન્કનુ ક્રેડીટ કાર્ડ આવતા એક્ટીવેટ કરવા ગુગલમાંથી ૯૩૫૦૦૨૭૨૬૦ નંબર મેળવી તા.૧૧/૦૩/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગે સંપર્ક કરતા ૯૩૫૦૦૨૭૨૬૦ નંબર ના ધારકે ક્રેડીટકાર્ડ એક્ટીવેટ કરવા માટે વૉટ્સએપ મોબાઈલ નંબર +૯૧૮૯૨૬૨૧૪૪૩૭ થી લીંક મોકલી એની ડેસ્ક નામની એપ ડાઉનલોડ કરાવી ચાલુ ફોનમાં માહીતી મેળવી લઈ પ્રિયંકાબહેન ચીખલેના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાંજેક્શન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૬૧/૨૦૨૨**

આનંદનગરઃ મધુસુદનભાઇ લાલજીભાઇ સોનારા (રહે. બંગ્લા નંબર-૨, સ્મિતસાગર સોસાયટી આનંદનગર ચાર રસ્તા આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૨ કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૦૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.ઝાલા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૬૨/૨૦૨૨**

એસ.જી.હાઈવે-૨ ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ સલમાન મહેમુદખાન પઠાણ (રહે. કેતકી ભવન કેલીકો મીલની અંદર જમાલપુર બહેરામપુરા) એ તા.૨૭/૦૩/૨૦૨૨ ના રોજ એસ.જી.હાઈવે-૨ ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સલમાન પઠાણ અને તેમના મિત્ર રોહીત વિકાઉપ્રસાદ ચૌધરી (ઉ.વ.૨૩) (રહે. ભાવપુષ્પા સોસાયટી સુપર સોસાયટી પાસે રામદેવનગર સેટેલાઈટ) તા.૨૫/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોત-પોતાના સ્કુટર ચલાવી ઉજાલા સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૧૦ ડબલ્યુ ૬૪૩૩ ના ચાલક કિશનભાઈ રામસિંગભાઈ વાઘેલા (રહે. હુડકો ક્વાર્ટસ માર્કેટીંગ યાર્ડ પાસે રાજકોટ) એ ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રોહીત ચૌધરીના સ્કુટરને ટક્કર મારતા રોહીતને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૩/૨૦૨૨ રાતના ૯/૪૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.બી.ગોહિલ ચલાવે છે.

"જે" ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ છંગુરપ્રસાદ રામદેવ કુશ્વાહ (ઉ.વ.૫૫) (રહે. સંકલ્પ રેસીડન્સી બીબી મરીયમ દરગાહ પાસે વટવા રીંગ રોડ વટવા) તા.૨૫/૦૩/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૦૧ પીએચ ૬૪૧૨ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા છંગુરપ્રસાદ કુશ્વાહને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૩/૨૦૨૨ કલાક ૩/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર છંગુરપ્રસાદ કુશ્વાહની પુત્રી ખુશ્બુ કુશ્વાહે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૬૩/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ ગોતા વંદેમાતરમ શ્રી ફળ એપાર્ટમેન્ટ ખાતે પોતાના કાકાના ઘરે રહી અભ્યાસ કરતા કિષ્નાબહેન ડો/ઓ રાજેશભાઈ ભટાસણા (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ માણેકવાડા તા.જી.મોરબી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૩/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા રહેણાંકના પાંચમાં માળથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

દાણીલીમડાઃ મોહંમદનઇમ મોહંમદયાસીન શેખ (ઉ.વ.૨૩) (૨હે. રૂખસા૨ એપા૨્ટમેન્ટ નવાબની ચાલી શાહઆલમ) એ અગમ્ય કા૨ણસ૨ તા.૨૭/૦૩/૨૦૨૨ બપો૨ના ૨/૩૦ વાગ્યાના સુમા૨ે પોતાના ઘ૨ે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા ક૨તા સા૨વા૨ માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા સા૨વા૨ દ૨મ્યાન બપો૨ના ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કલ્પેશકુમા૨ ભીમાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટ૨,
કંટ્રોલરૂમ, અ'વાદ શહે૨.
પોલીસ કમિશન૨ વતી.